# ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ગરિમામય ઉજવણી

## મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની પ્રેરક ઉપસ્થિતિ : ગુજરાત સાહિત્ય અકાદમીના મેઘાણી ભવનની ઇ-ખાતમૂર્હત વિધિ સંપન્ન : મુખ્યમંત્રીના હસ્તે સાહિત્ય અકાદમીના વિવિધ ગૌરવ પુરસ્કારો એનાયત થયા

ગાંધીનગર, તા. ૨૮

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિની રાજયવ્યાપી ઉજવણીનો પ્રારંભ કરાવતાં ગૌરવ સહ કહ્યું કે મેઘાણીના જન્મ સ્થળ ચોટિલામાં મેઘાણી સ્મારક - મ્યૂઝિયમ નિર્માણ માટે રાજય સરકારે પાંચ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે.

આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે મેઘાણી રચિત લોકસાહિત્ય, શૌર્ય રચના, ગદ્ય-પદ્ય, સાહિત્ય અને સ્વતંત્રતાના સંગ્રામમાં જન જુવાળ જગાવવાના મેઘાણીના પ્રદાનને આ મ્યુઝિયમના માધ્યમથી યુવાપેઢી આવનારી પેઢીમાં સદાકાળ જીવંત પ્રેરણારૂપ રાખવાનો આ પ્રયાસ મેઘાણીને યથોચિત ભાવાંજલી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ વર્ષે દેશ આખો પ્રધાનમંત્રી નરેન્દ્ર ભાઈના માર્ગદર્શન અને પ્રેરણાથી આઝાદીના ૭૫મા વર્ષની આઝાદીના અમૃત મહોત્સવ તરીકે જન ઉમંગથી ઉજવણી કરી રહ્યો છે.

આઝાદીનો અમૃત મહોત્સવ અને રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતીનો અવસર બંનેનો સુભગ સમન્વય જન-જનમાં નવી રાષ્ટ્રીય ચેતના, સ્ફુરણા પ્રેરિત કરશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.






વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે આઝાદી મેળવવા જે શહીદો જે બલિદાન આપ્યા તેમના માં ભારતીને વિશ્વ ગુરુ બનાવવાના સપના સાકાર થાય, આવા વીરોની છલોછલ રાષ્ટ્રભક્તિ અને મેઘાણીની સાહિત્ય શૌર્ય રચનાઓ આજની પેઢીને દેશ માટે સમર્પિત થવાની પ્રેરણા આપે તે માટે આખું વર્ષ ''કસુંબલ રંગે'' ના અનેક કાર્યક્રમો યોજાશે.

તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે આઝાદીના સો વર્ષ ઉજવીએ ત્યારે, મા ભારતી મહાસત્તા હોય, શક્તિશાળી, આત્મનિર્ભર હોય, વિશ્વ ગુરૂ હોય એ સંકલ્પોને સિદ્ધ કરવાની ચેતના ઉજાગર કરવામાં આ અમૃત મહોત્સવ અને મેઘાણીની ૧૨૫ મી જન્મ જયંતી બંને આપણા માટે નવી દિશા ચિંધનારા બન્યા છે.

સાહિત્ય અકાદમી અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડયાએ સૌને આવકારી સમગ્ર આયોજનની રૂપરેખા આપતા કહ્યું હતું કે આઝાદી અમૃત મહોત્સવ, મેઘાણી ૧૨૫મી જન્મ જયંતી અને ગુજરાત સાહિત્ય અકાદમીના મેઘાણી ભવનનું શિલાન્યાસ જેવી ઐતિહાસિક ઘટનાનું ત્રિવેણી સંગમ થયું છે. સાહિત્ય અકાદમી દ્વારા ત્રણ આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથે રહીને દેશ-વિદેશના સાહિત્યકારો સાથે સંવાદ યોજવામાં આવ્યો છે. તેમજ ૫૦ સ્થળો ખાતે સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી છે.

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરનો સાહિત્ય ગૌરવ પુરસ્કાર ગુજરાત સાહિત્ય અકાદમીમાં મધુરાય (મધુસૂદન ઠાકર), હિન્દી સાહિત્ય અકાદમીમાં ઉજમભાઈ પટેલ અને ડૉ. અંજના સંધીર, સિંધી સાહિત્ય અકાદમીમાં છતો થધોમલ જ્ઞાન ચંદાણી અને મનોહર નિહાલાણી અને કચ્છી સાહિત્ય અકાદમીમાં કાનજી મહેશ્વરી રીખિયો અને રમેશ ભટ્ટ રશ્મિને એનાયત કરવામાં આવ્યો છે. યુવા ગૌરવ પુરસ્કાર ગુજરાત સાહિત્ય અકાદમીમાં પ્રશાંત પટેલ અને રિંકુ રાઠોડ, સંસ્કૃત સાહિત્ય અકાદમીમાં રાજવી ઓઝા અને સિંધી સાહિત્ય અકાદમીમાંસુ નયના સુરેશકુમાર રાવલાણી તથા નિશા ચાવલાને એનાયત કરવામાં આવ્યો છે. તેમજ વેદ-શાસ્ત્ર પંડિત સન્માન સંસ્કૃત સાહિત્ય અકાદમીમાં ગોવિંદભાઈ એન ત્રિવેદી (ઋગ્વેદ) અને જયદેવ અરુણોદય જાની (શુક્લ યજર્વેદ) માટે અર્પણ કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં સ્વ. ઝવેરચંદ મેઘાણીના પૌત્ર પિનાકીભાઈ મેઘાણી, રમતગમત-યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના અધિક મુખ્ય સચિવ સી.વી. સોમ, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર પી.આર. જોષી, સંગીત નાટક અકાદમીના અધ્યક્ષ પંકજ ભટ્ટ, લોકસાહિત્યકાર પદ્મશ્રી ભીખુદાન ગઢવી, કિર્તીદાન ગઢવી, ઓસમાણ મીર, કિંજલ દવે અને અમિતા પટેલ સહિત અનેક ગુજરાતના લોક સાહિત્યકારો, રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અને શિક્ષણ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની જન્મજયંતિની ઉજવણી

ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, સાદરા ખાતે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મ જયંતિની ઉજવણી ૨૮ ઓગષ્ટના દિવસે કરવામાં આવી હતી. ગુજરાતી વિભાગ દ્વારા થયેલા આયોજનમાં ડૉ. કનુ વસાવા અને બળદેવ મોરીએ પ્રાસંગિક વ્યાખ્યાનો આપ્યા હતા. જ્યારે વિદ્યાર્થીઓ અમરત રબારી, જયેશ બલદાલિયા, આશા દેસાઈ અને આરતી ઠાકોરે મેઘાણીની વિવિધ કૃતિઓ વિશે વાત કરી હતી. વિદ્યાર્થીઓ ગીતા દેસાઈ, અનુરાગ પરમાર, મિલ્કા હિલીમ અને વૈભવી પરમારે લોકગીતોની રમઝટ બોલાવી હતી. ઉપરાંત અધ્યાપકો ગેલજીભાઈ ભાટિયા, બળદેવ મોરી અને સેવકો જગદીશ પરીખ અને ગોવિંદ વાઘેલાએ પણ લોકગીતોની રજૂઆત કરી હતી. સંયોજક રમેશભઆઈ પટેલ પ્રતિભાવમાં સમગ્ર કાર્યક્રમને બિરદાવ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ વિદ્યાર્થિની ગીતા દેસાઈએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થી ગુલાબ સંગાડાએ કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમની પરિકલ્પના અને આયોજન અધ્યાપક ધ્વનિલ પારેખે કર્યુ હતુ.

## સરકારી વિજ્ઞાન કોલેજમાં વનસ્પતિશાસ્ત્ર વિભાગ અને ઈકો ક્લબ દ્વારા 'કિચન ગાર્ડન' વિષય પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા.૨૮

સરકારી વિજ્ઞાન કૉલેજના વનસ્પતિ શાસ્ત્ર વિભાગમાં આમંત્રિત મહેમાન જગદીશભાઈ કાછડિયા, રેમિક સીડબિયારણ કંપની ના ડિરેક્ટર દ્વારા 'કિચન ગાર્ડન' વિષય પર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. તેમણે અત્યારના કોરોનાના સમય ગાળામાં હર્બલ કિચન ગાર્ડન કેવી રીતે ઉપયોગી થાય છે તેની માહિતી આપી. કિચન ગાર્ડન બનાવવા માટે જમીનની પસંદગી, જમીનની પી.એચ, છોડ ની પસંદગી, છોડ ને કેવા પ્રકારનું ખાતર આપવું જોઈએ, વનસ્પતિ ના વિકાસ માટે જરૂરી મહાપોષક તત્વો જેવા કે નાઈટ્રોજન, ફૉસ્ફરસ, પોટેશોયમ અને લઘુ પોષક તત્વો જેવાકે જિંક, કોપર, મેંગેનીઝ વગેરે નું પ્રમાણ કેટલી માત્રામાં જરૂરી છે તે સમજાવ્યું હતું.

કિચન ગાર્ડનમાં સામાન્ય રીતે તુલસી, ફૂદીનો, ધાણા, મેથી, લીલી ચા વગેરે નાખવામાં આવે છે પરતું હવે તો લોકો ટેરેસ ગાર્ડનમાં અને થોડી જગ્યામાં પણ ઓર્ગેનિક શાકભાજી વાવતા થઈ ગયા છે. આ વ્યાખ્યાનથી ઈકો ક્લબ અને વનસ્પતિ શાસ્ત્ર વિષયના વિદ્યાર્થીઓને કોલેજ માં હરબલ ગાર્ડન બનાવવાની પ્રેરણા મળી હતી. આ સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી ડો. એમ. જી. ભટ્ટના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.




## બેંક ઓફ ઇન્ડિયાનો ગ્રાહક સંપર્ક કાર્યક્રમ

ગાંધીનગર ખાતેની બેંક ઓફ ઈન્ડિયાના ઝોનલ કાર્યાલય અંતર્ગત કુડાસણ શાખા, સાદરા શાખા અને હિંમતનગર શાખાએ બેંકના " ગ્રાહક સંપર્ક કાર્યક્રમ " અંતર્ગત ગ્રાહકોની મીટીંગનું આયોજન કર્યું હતું જેમાં ગ્રાહકોને બેંકની વિવિધ સુવિધાઓથી અવગત કરાવાયાં હતા. કાર્યક્રમમાં કુડાસણના શાખા પ્રબંધક માર્કેટિંગ ઓફિસર હર્ષ અગ્રવાલ, ધૈર્ય ડામોર, સાદરાના શાખા પ્રબંધક હિતેશ યાદવ, એસકેવીકેના ઈન્ચાર્જ પ્રધ્યુમંસિંહ, સલાલના શાખા પ્રબંધક અભિમન્યુ જૈન અને માર્કેટિંગ સિનિયર મેનેજર મુકેશ પટેલે ખૂબ સુંદર આયોજન કરીને ગ્રાહક સાથે સંપર્ક વધાર્યો હતો તેમજ દરેક ગ્રાહકને બેંકિંગ સુવિધાઓનો અધિકતમ લાભ લેવા વિનંતી કરી હતી.

# કેરળથી ગુજરાત આવતા તમામ લોકોનું સ્ક્રીનિંગ કરાશે

### નેગેટિવ હશે તો જ એન્ટ્રી થઈ શકશે! : કેરળ અને મહારાષ્ટ્રમાં કોરોનાના સતત વધી રહેલા કેસોએ ગુજરાત સરકારની ચિંતા વધારી દીધી છે

ગાંધીનગર,તા.૨૮

દેશમાં કોરોનાના કેસોમાં ફરીથી ઉછાળો થઈ રહ્યો છે. જેમાં કેરળ અને મહારાષ્ટ્રમાં કોરોનાના સતત વધી રહેલા કેસોએ ગુજરાત સરકારની ચિંતા વધારી દીધી છે. આ સંદર્ભે ગુરુવારે સીએમ વિજય રૂપાણીની અધ્યક્ષતામાં યોજાયેલી કોર કમિટીની બેઠકમાં આ બાબતે ચર્ચા કરવામાં આવી હતી.

રાજ્યના આરોગ્ય અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કેરળમાંથી કે ત્યાં થઈને ગુજરાત આવતા લોકોને કોઈપણ નાગરિક રેલવે, રોડ કે વિમાન માર્ગે ગુજરાતમાં પ્રવેશે તે પહેલા તેમની તપાસ-સ્ક્રીનિંગ કરાય અને તેઓ જો નેગેટિવ હોય તો રાજ્યમાં એન્ટ્રી આપવામાં આવે તેવી આરોગ્ય સચિવ, આરોગ્ય કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી હતી. સિવિલ હોસ્પિટલ ખાતે એક કાર્યક્રમમાં નીતિન પેલે કહ્યું કે, કેરળ વેક્સિનેશનમાં આગળ છે, તેમ છતાં ત્યાં રોજરોજ કોરોનાના નોંધાઈ રહેલા કેસો માટેના કારણો ગુજરાત સહિત ભારત સરકાર માટે ચિંતાનો વિષય છે. આ બાબતે કેન્દ્રીય આરોગ્ય મંત્રી મનસુખ માંડવીયા સાથે પણ તેમને વાતચીત કરીને માર્ગદર્શન માગ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર દેશમાં લગભગ વેક્સિનેશનના બંને ડોઝ આપી દેવામાં આવ્યા છે. તેમ છતાં કેરળમાં કોરોના કેસોમાં વધારો થઈ રહ્યો છે તેનો કારણો શું છે? તેની જાણકારી અને માર્ગદર્શન મેળવવા માટે રાજ્ય સરકારે ભારત સરકાર પાસે મદદ માંગી છે. આ દરમિયાન નીતિન પટેલે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટેની ૧૨૦૦ બેડની કોવિડ ડેઝિગ્નેટેડ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

આ હોસ્પિટલમાં નિર્માણાધીન વોર્ડની કામગીરી, તકનીકી ઉપકરણો, ઓપીડી, આઈસીયુ વગેરે જેવી સુવિધાઓનો તાગ મેળવ્યો હતો. તેમણે આ હોસ્પિટલમાં નવા સ્થપાયેલા ઓક્સિજન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. ૧૨૦૦ બેડ હોસ્પિટલના તમામ બેડ ઓક્સિજનની સેન્ટ્રલ લાઈનથી જોડવામાં આવી રહ્યું છે અને તેની કામગીરી પુર્ણતાના આરે છે.




## વેદ ઇન્ટરનેશનલ સ્કૂલ "નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલ કી..."ના નાદથી ગુંજી ઊઠી...

આવનારી પેઢીઓમાં આપણી સંસ્કૃતિને સારી રીતે બરકરાર રાખવા માટે શાળામાં તહેવારોની ઉજવણી કરવામાં તથા બાળકોને દરેક તહેવારોનું મહત્વ સમજાવવામાં વિશ્વાસ ધરાવે છે. તો આ જ રીતે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી પર્વની ઉજવણીના ભાગરૂપે વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં જન્માષ્ટમીની ઑનલાઈન ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સૌ કોઈ શ્રી કૃષ્ણમય બની ગયા હતા. જેમાં સૌપ્રથમ શ્લોક તથા તિલક દ્વારા ભગવાનની વિધિવત્ પૂજા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં જન્માષ્ટમીના પર્વને અનુરૂપ રાધા અને કૃષ્ણ બની અને બાળકો તૈયાર થયા હતા. ભગવાનને પ્રસાદ અને થાળ ધરાવ્યા બાદ આરતી કરવામાં આવી હતી. ત્યારબાદ કૃષ્ણ ભગવાનના ગીત ઉપરથી ડાન્સની કોમ્પિટિશન રાખવામાં આવી હતી. શ્રી કૃષ્ણ ભગવાનની જીવન લીલાના પ્રસંગો બાળકો દ્વારા કહેવામાં આવ્યા હતા અને કાન્હાની વાર્તાઓ અને તેના પરથી સ્ટોરી બતાવવામાં આવી હતી. આ ઓનલાઈન સેલિબ્રેશનને વાલીઓ બાળકો તથા ફેકલ્ટીઝ એ ખૂબજ ધામધુમ પૂર્વક ઉજવ્યું હતું.

# ભારતમાતા મંદિરના નિર્માણ પાછળ ૩૦ વર્ષની મહેનત : મિલિન્દ ગુપ્તે

ગાંધીનગર તા.૨૮

ગાંધીનગરના સેક્ટર-૭એ ખાતે ગઈકાલે ભારતમાતા મંદિરનો મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન થયો હતો.આ મંદિરના નિર્માણ અંગેના વિચારથી લઈને મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સુધીમાં ત્રીસ વર્ષનો ગાળો લાગ્યો હોવાનું જણાવતાં શહેરના વરિષ્ઠ સેવાભાવી નાગરિક અને આરએસએસ સાથે સંકળાયેલા મિલિંદ પ્ર. ગુપ્તેએ મંદિર નિર્માણ સંબંધિત સંસ્મરણો જણાવ્યાં છે.

મિલિન્દ ગુપ્તાના જણાવ્યા અનુસાર ભારતમાતા મંદિર નિર્માણની શરુઆત ૧૯૮૯માં થઈ હતી જ્યારે તેમના શિરે ગાંધીનગર શહેરમાં સંઘની જવાબદારી હતી. તે સમયે બધા મંદિરો કાર્યરત હતા ત્યારે શ્રીકાંત સાથે રહી વિશ્વ હિન્દુ પરિષદના નામે ભારત માતા મંદિર બનાવવાનો વિચાર આવ્યો હતો જે અંતર્ગત અમદાવાદથી કે.કા.શાસ્ત્રીના નામે અરજી કરાવી હતી. તેઓ બન્ને કાર્યકર્તાઓ મંદિર માટે એક હજાર ચોરસવારનો પ્લોટ મળે તે માટે દોડધામ કરતાં હતા ત્યારે ભૂતપૂર્વ મુખ્યમંત્રી સુરેશ મહેતા દ્વારા કૉન્ગ્રેસના બાંધકામ મંત્રીને ફોન કરાવી અરજી મંજૂર કરાવી હતી જેમાં પાંચસો ચોરસ વાર જગ્યા આપવાનું નક્કી થયું હતું. જોકે પછીથી બાંધકામ વિભાગમાંથી ફોન આવતા તેઓ ત્યાં ગયાં હતાં અને ચાલુ ફાઈલમાં બદલાવ કરીને બે હજાર ચોરસવારની માંગણી રજુ કરવામાં આવી હતી જેની સામે ૧૫૦૦ ચોરસ વારની જગ્યા મંજૂર કરવામાં આવી હતી. અમદાવાદ કાર્યાલય પૈસા ભરી દેવામાં આવ્યાં હતાં. પરંતુ દસ વર્ષ સુધી માત્ર આ બે કાર્યકર્તાઓને જમીન ક્યાં છે તેની જાણ હતી. તેમણે સુનીલભાઈ ત્રિવેદીને કહી દીવાલ બનાવડાવી તે પછી આજે ત્રીસ વર્ષ પછી ભારત માતા મંદિર અસ્તિત્વમાં આવ્યું છે. આ જમીન મેળવવામાં ચીમનભાઈ ચૌહાણ અને ઈન્દ્રવદનભાઈ પટેલ વગેરે કાર્યકર્તાઓનું યોગદાન પણ રહ્યું હતું. તે વખતની અરજીમાં યોગ પ્રશિક્ષણ કેન્દ્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો જે આજે ત્યાં છેલ્લા બે વર્ષથી કાર્યરત છે. આ સાથે મિલિંદ ગુપ્તેએ આજે તેમના સૌની મહેનત સફળ રહી હોવાનું સૌને આનંદ છે.

## અમી ઓર્ગેનિક્સ લિમિટેડનો આઈપીઓ પહેલીએ ખુલશે

વિવિધ અંતિમ વપરાશ સાથે સ્પેશિયાલ્ટી કેમિકલ્સની સંશોધન અને વિકાસ સંચાલિત ઉત્પાદક તથા ચોક્કસ મુખ્ય એપીઆઈ માટે ફાર્મા ઈન્ટરમીડયરીઝની મુખ્ય ઉત્પાદકો પૈકીની એક અમી ઓર્ગેનિક્સ લિમિટેડ (''કંપની'')નો આઈપીઓ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૧ને બુધવારે ખુલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૬૦૩ થી રૂ. ૬૧૦ નક્કી થઈ છે. બિડ લઘુતમ ૨૪ ઈક્વિટી શેર માટે અને પછી ૨૪ ઈક્વિટી શેરના ગુણાંકમાં થઈ શકશે. ઓફર ૩ સપ્ટેમ્બર, ૨૦૨૧ને શુક્રવારે બંધ થશે.

આઈપીઓમાં ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેમાં દરેક ઈક્વિટી શેરની ફેસ વેલ્યુ રૂ. ૧૦ (''ઈક્વિટી શેર'') છે. ઓફરમાં રૂ. ૨૦૦ કરોડ સુધીના ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૬,૦૫૯,૬૦૦ ઈક્વિટી શેરના વેચાણની ઓફર સામેલ છે, જેમાં પારૂલ ચેતનકુમાર વઘાસિયા દ્વાર ૭૦૦,૦૦૦ ઈક્વિટી શેર (''પ્રમોટર વિક્રેતા શેરધારક''), ગિરિશકુમાર લિમ્બાભાઈ ચોવટિયા દ્વારા ૧,૫૦૦,૦૦૦ ઈક્વિટી શેર, કિરણબેન ગિરિશભાઈ ચોવટિયા દ્વારા ૩,૦૫૦,૦૦૦ ઈક્વિટી શેર, અરૂણા જયંતકુમાર પંડ્યા (જયંત મનુભાઈ પંડ્યા સાથે સંયુક્તપણે) ૧૭૪,૬૦૦ ઈક્વિટી શેર, હિના ઈન્દ્રેશભાઈ શાહ દ્વારા ૮૭,૩૦૦ ઈક્વિટી શેર, હર્ષદ રામલાલ શેઠ દ્વારા ૮૭,૨૮૦ ઈક્વિટી શેર, ધીરજલાલ અમૃતલાલ અમ્લાની દ્વારા ૭૬,૨૦૦ ઈક્વિટી શેર, વૃષ્ટિ અતુલકુમાર શાહ દ્વારા ૭૫,૦૦૦ ઈક્વિટી શેર, જોલિતભાઈ જસવંતલાલ શાહ (''સંયુક્તપણે, ''વિક્રેતા શેરધારકો'' અને આ પ્રકારના ઈક્વિટી શેર ''વેચાણ માટેની ઓફર'' અને ફ્રેશ ઈશ્યૂ સાથે સંયુક્તપણે, ''ઓફર'') સામેલ છે.

### નોટીસ અપાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

રિપોર્ટ પણ માંગવાની સાથે આવા તલાટીઓની યાદી માંગવામાં આવી છે. મહેસુલી વેરાઓની વસુલાત માટે ગાંધીનગર તાલુકામાં તો નોટીસોની પણ બજવણી કરવામાં આવી હતી જે નોંધનીય છે.

તંત્ર દ્વારા આ કાર્યવાહી સંપન્ન થયા બાદ દફતર ચકાસણીની પણ ઝુંબેશ હાથ ધરવાનું આયોજન કરવામાં આવી રહ્યુ હોવાનું જાણવા મળેલ છે.

### આશંકા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

લીધો હતો. આ બેઠકમાં આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (જેઈએમ) એ ભારત સામેની કાર્યવાહીમાં તેમનો ટેકો માગ્યો હતો.

સૂત્રો જણાવે છે કે બેઠકમાં પાકિસ્તાનની વર્તમાન રાજકીય સ્થિતિ પર પણ ચર્ચા કરવામાં આવી હતી. અધિકારીએ કહ્યું- અમે ગુપ્તચર એજન્સીઓને સોશિયલ મીડિયા પર કડક નજર રાખવા માટે સૂચનાઓ જારી કરી છે. અમને ૨૪ ઓગસ્ટના રોજ પાકિસ્તાનથી બે આતંકવાદીઓની હિલચાલ અંગે ગુપ્ત માહિતી મળી હતી. આ આતંકવાદીઓ શ્રીનગરમાં ગ્રેનેડ હુમલાની યોજના બનાવી રહ્યા હતા. તમામ સંબંધિત એજન્સીઓને પોતાની વચ્ચે માહિતી વહેંચતા રહેવા માટે એલર્ટ જારી કરવામાં આવ્યું છે. હાલમાં, તમામ રાજ્યો અને કેન્દ્રના આતંકવાદ વિરોધી એકમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૫ ઓગસ્ટના રોજ તાલિબાન આતંકવાદીઓ કાબુલમાં પ્રવેશ્યા હતા, જેના કારણે અફઘાનિસ્તાનમાં સરકારનું પતન થયું હતું. તાલિબાને અફઘાનિસ્તાનની સત્તા સંભાળ્યા બાદ અફઘાન લોકોમાં ગભરાટ ફેલાયો હતો. હજારો અફઘાન નાગરિકો દેશ છોડવા માટે કાબુલ એરપોર્ટ પર રવાના થયા હતા. હજારો લોકો સરહદ પાર કરીને પડોશી દેશોમાં ગયા. દરમિયાન, ગુરુવારે કાબુલ એરપોર્ટની બહાર હજારોની ભીડમાં શ્રેણીબદ્ધ આત્મઘાતી બોમ્બ ધડાકા થયા. આ આતંકવાદી હુમલામાં ૧૩ અમેરિકી સૈનિકો અને ઓછામાં ઓછા ૧૬૯ અફઘાન નાગરિકો માર્યા ગયા હતા.

### કેરળમાં...● અનુસંધાન પહેલાનું ચાલુ

હોમ આઈસોલેશનમાં હોવાનું ગણાવાયું છે, જે અન્ય તંદુરસ્ત લોકોને અસર કરે છે. ગયા વર્ષે કોરોનાની પ્રથમ લહેર સમયે સંક્રમણને નિયંત્રણમાં રાખવા બદલ સમગ્ર દેશ માટે કેરળ રોલ મોડલ બન્યું હતુ. કોરોનાના સંક્રમણને અંકુશમાં રાખવા બદલ કેરળની ચોતરફ પ્રશંસા થઈ હતી, પણ હવે સ્થિતિ તદ્દન વિપરીત થઈ ગઈ છે. વર્તમાન સમયમાં દેશના મોટા ભાગનાં રાજ્યોમાં કોરોનાની બીજી લહેર ધીમી પડી છે ત્યારે કેરળમાંથી કોરોનાના આવી રહેલા આંકડા ખૂબ જ ચિંતાજનક બની ગયા છે. દેશમાં કોરોનાની ત્રીજી લહેરનું એપી સેન્ટર પણ શું કેરળ બનશે કે કેમ એ અંગે નિષ્ણાતો સંશોધન કરી રહ્યા છે. કોરોનાના કેસ ૩૨ હજારથી વધારે નોંધાયા છે. સૌથી વધારે ચિંતાજનક વાત એ છે કે અહીં પોઝિટિવિટી રેટ વધીને ૧૯.૨૨ થઈ ગયો છે. દેશમાં જ્યારે કોરોનાની બીજી લહેર ૨૦ મેના રોજ તેની ચરમસીમાએ હતી. ત્યાર બાદ પ્રથમ વખત પોઝિટિવિટી રેટ આટલો ઊંચો રહ્યો છે. કોરોનાના ભયજનક આંકડાને પગલે છેવટે રાજ્ય સરકારે રવિવારે સંપૂર્ણ લોકડાઉન કરવાનો નિર્ણય કર્યો છે. કેરળમાં સતત વધી રહેલા કોરોનાના આંકડા અનેક પ્રશ્નો ઊભા કરી રહ્યા છે. પહેલો પ્રશ્ન એ થાય છે કે શું કોરોના સામેની લડાઈમાં કેરળ મોડલ નિષ્ફળ નીવડ્યું છે? બીજો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જ્યારે દેશનાં અનેક રાજ્યોમાં કોરોના નહીંવત થઈ ગયો છે ત્યારે જોતજોતાંમાં કેરળ કોરોનાનું હોટસ્પોટ કેવી રીતે બની ગયું. દેશભરમાં રોપોનાના ૩૫ હજારથી વધારે નવા કેસ આવેલા અને ગુરુવારે આ આંકડો ૪૬ હજારને પાર થઈ ગયેલો, ખાસ વાત એ છે કે દેશના કુલ કેસ પૈકી કેરળમાંથી ૬૦ ટકાથી વધારે કેસ સામે આવ્યા છે. છેલ્લા ૬ દિવસમાં એક લાખ ૩૦ હજારથી વધારે નવા કોરોના કેસ સામે આવી ચૂક્યા છે. ઓણમ બાદ કેરળમાં કોરોનાના કેસમાં મોટાપાયે ઉછાળો જોવા મળ્યો છે. રાજ્યમાં કોરોના પોઝિટિવિટી રેટ ૧૯ ટકાથી ઉપર પહોંચી ગયો છે.કેરળમાં ઓણમ ઉત્સવ બાદ સંક્રમિતોની સંખ્યા વધી છે, અહીં ૧૪ જિલ્લામાંથી સાત જિલ્લા એર્નાકુલમ, ત્રિશુર, કોઝીકોડ, કલક્કડ, કોલ્લમ,મલપ્પુરમ અને કોટ્ટાયમમાં દરરોજ ૨૦૦૦થી વધારે કેસ સામે આવી રહ્યા છે. કોરોના સંક્રમિતોની સૌથી વધારે સંખ્યા એર્નાકુલમમાંથી છે, જ્યાં ૪૦૦૦થી વધારે કેસ આવી રહ્યા છે. ૩૦૦૦થી વધારે કેસ ધરાવતા જિલ્લામાં- ત્રિશુર, કોઝીકોડ અને મલપ્પુરમ છે.કેરળમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના વાઈસ ચેરમેન (રિસર્ચ) ડોક્ટર રાજીવ જયદેવને ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને માહિતી આપી હતી કે વાઈરસનો ડ્રોપલેટ્સ હવામાં કેટલા સમય સુધી રહે છે તે ત્યાના હવામાન પર આધાર રાખે છે.

### હુમલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાબુલમાં અમેરિકી દૂતાવાસે લોકોને એરપોર્ટના તમામ દરવાજાઓથી દૂર જવાનું કહ્યું છે. આ સિવાય, અમેરિકી દૂતાવાસે એરપોર્ટ પર જતા અમેરિકન નાગરિકો માટે પણ એક એડવાઈઝરી જારી કરી છે. શનિવારે વહેલી સવારે અમેરિકી ડ્રોન હુમલામાં કાબુલ એરપોર્ટ પર આત્મઘાતી બોમ્બ ધડાકા માટે જવાબદાર જૂથમાં એક આતંકવાદી માર્યો ગયો છે. યુએસ સેન્ટ્રલ કમાન્ડે જણાવ્યું હતું કે, અફઘાનિસ્તાનમાંથી ઈસ્લામિક સ્ટેટ સાથે જોડાયેલા એક સભ્યનું મૃત્યુ થયું છે. રાષ્ટ્રપતિ જો બાઈડને ગુરુવારે આત્મઘાતી બોમ્બ ધડાકા માટે આઈએસને જવાબદાર ગણાવ્યું હતું. આઈએસ એક આતંકી જૂથ છે અને પશ્ચિમ અને અફઘાનિસ્તાન તાલિબાન બંનેનો દુશ્મન છે અને ખાસ કરીને ઘાતક હુમલાઓ માટે જાણીતું છે. જણાવી દઈએ કે, કાબુલ એરપોર્ટની બહાર આઈએસઆઈએસ-કે દ્વારા કરવામાં આવેલા આત્મઘાતી હુમલામાં અત્યાર સુધી ૧૭૦ લોકોના મોત થઈ ચૂક્યા છે.